bluebytes
news that matters

**Wednesday, June 23, 2010**

**Healis opposes global summit on tobacco, says Tobacco Board of India violated FCTC**

Publication: Gujarat Shatabdi, Edition: Ahmedabad, Journalist: Bureau, Page No: 3, Location: Bottom-Left, Width(cms): 9, Height(cms): 10, Size(sq.cms): 90

# હીલિસ તમાકુ પરની ગ્લોબલ સમિટનો વિરોધ કરે છે: ટોબેકો બોર્ડ ઓફ ઈન્ડિયાએ એફસીટીસીનું ઉલ્લંઘન કર્યાનો દાવો

અમદાવાદ, ૨૨ જૂન

તમાકુ વિરોધી હિમાયતી જૂથ હીલિસ સખસેરિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ દ્વારા આગામી ચાર દિવસીય ઔદ્યોગિક ગ્લોબલ ટોબેકો નેટવર્કિંગ ફોરમ (જીટીએનએફ) સમિટનો તીવ્ર વિરોધ નોંધાવવામાં આવ્યોછે. આ સમિટ બેન્ગલોરની આઈટીસી રોયલ ગાર્ડેનિયામાં ૪ ઓક્ટોબરથી ૯ઓક્ટોબર વચ્ચે હાથ ધરવાની છે. આ પર્વ ભારત જેમા સહીકર્તા રાષ્ટ્ર છે તેવા ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ટોબેકો કંટ્રોલનું સરિયામ ઉલ્લંઘન હોવાનું હીલિસનું જણાવવું છે.

હીલિસના ડિરેક્ટર ડો. પી. સી. ગુપ્તાએ જણાવ્યું હતું કે ભારતે સહી કરેલી એફસીટીસી નીતિમાં તમાકુની જાહેરાત, વેપાર, પ્રાયોજકપદ અને પ્રમોશન સામે નિયંત્રણનો સમાવેશ થાય છે. એફસીટીસીમાં લોકોની ધૂમ્રપાન અને અન્ય તમાકુની ચીજોના ઉપભોગથી સુરક્ષા માટે કઠોર નિયંત્રણો છે. આ પર્વના વિધિસર પ્રાયોજક તરીકે ટોબેકો બોર્ડ ઓફ ઈન્ડિયાએ સ્પષ્ટપણે આ એફસીટીસીના ફ્રેમવર્કનું ઉલ્લંઘનકર્યું છે અને બોર્ડે તાત્કાલિક તેનું પ્રાયોજકપદ રદ કરવું જોઈએ અને પર્વને રદ કરી નાખવો જોઈએ એવી અમારી માગણી છે.

મોટા ભાગના વક્તાઓ તમાકુ ઉદ્યોગના હોઈટોટલ ડિસ્પ્લે એન્ડ ટોબેકો બેન્સ તથા વ્હોટ ઈટ્સલાઈક ટુ બી અ સ્મોકર ઈન ૨૦૧૦ જેવા વિષયો પર તેમનું બોલવું તે વિશ્વભરમાંવર્તમાન નીતિઓ અને બંધીઓનું સરિયામ ઉલ્લંઘનં કરવા બરાબર છે.